# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી, સુરત

એ-૩, જિલ્લાસેવાસદન-૨, અઠવાલાઇન્સ, સુરત

**Phone No: (0261) 2662902, Email-*suratdeo@gmail.com*, *Web – deosurat.org***


જા.નં.મા-૧/વિદ્યા.વીમા.યો./૨૦૨૬/1615 તા.21/૦૧/૨૦૨૬

પ્રતિ,

આચાર્યશ્રી,

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તમામ,

સુરત, જિ.સુરત.

<u>વિષય</u>:- ગુજરાત સામૂહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજના અંતર્ગત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે "વિદ્યાદીપ વીમા યોજના" બાબત.

<u>સંદર્ભ</u>:- નાણા વિભાગ, ગુજરાત સરકારનો ઠરાવ ક્રમાંક: FD/GAI/e-file/4/2025/0823/N (Inst. Finance).

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે ઉક્ત સંદર્ભિત ઠરાવથી ગુજરાત સરકાર દ્વારા "વિદ્યાદીપ અકસ્માત વીમા યોજના" અંતર્ગત વિદ્યાર્થીને મળતી અકસ્માત વીમા યોજનાની રકમમાં વધારો કરવામાં આવેલ છે. સદર ઠરાવ મુજબ ગુજરાત રાજ્યની માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ માટે અકસ્માત મૃત્યુના કિસ્સામાં તા.૦૧/૦૪/૨૦૨૫થી મળતી વીમા યોજનાની રકમ રૂ. ૨,૦૦,૦૦૦/- (રૂપિયા બે લાખ પુરા) નક્કી કરવામાં આવેલ છે. આથી, આપની શાળામાં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીઓ તથા તેમના વાલીઓને આ યોજનાની જાણ કરવામાં આવે તથા આવી અકસ્માતની ઘટના બાદ વિદ્યાર્થીની દરખાસ્ત તૈયાર કરી અત્રેની કચેરીએ સત્વરે પહોંચતી કરવા જણાવવામાં આવે છે.

<u>બિડાણ</u>:- (૧) નાણા વિભાગ, ગુજરાત સરકારનો ઠરાવ
(૨) ચેક લીસ્ટ

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ.સુરત

વિવિધ ખાતા મારફત ચાલતી
ગુજરાત સામુહિક જૂથ જનતા
અકસ્માત વીમા યોજનાઓ
અંતર્ગત વીમા કવચની રકમમાં
વધારો કરવા બાબત.

ગુજરાત સરકાર
નાણા વિભાગ
ઠરાવ ક્રમાંક: FD/GAI/e file/4/2025/0823/N( Inst. Finance)
સચિવાલય, ગાંધીનગર.
તા.

વંચાણે લીધા:-

(૧) કૃષિ, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગના ઠ.ક્રમાંક:પરચ/૧૧૯૫/૧૨૬૦/એમ(3) તા.૧૨/૦૧/૧૯૯૬

(૨) શ્રમ અને રોજગાર વિભાગના ઠરાવ ક્રમાંક:જીઆઈએસ/૧૦૯૫/૬૦૯/એમ(૨) તા.૦૮/૦૧/૧૯૯૬ તથા અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગના પત્ર નં. જીઆઇએસ-૧૩-૨૦૦૮-મ.૭-ધા.સ.૫-મ(૨) તા.૨૩/૦૪/૨૦૦૮, ગુજરાત ગ્રામ શ્રમિક કલ્યાણ બોર્ડનાં પત્રોનં:ગશ્રક/બોર્ડ/શ્રસુયો/સહાય/૪૬૩૮ તા.૦૨/૦૫/૨૦૦૮ તથા ગશ્રક/બોર્ડ/જવચ/૫૭૯૧ તા.૦૬/૧૨/૨૦૧૦ તથા તા. ૨૦/૦૪/૨૦૧૧ની ગ્રા.શ્ર.આ ની સશ્રમની માસિક બેઠકની નોંધનાં મુદ્દા નં:૬, ઓળખકાર્ડ: સંદર્ભ: ક્રમાંક: યુઓએલ/૧૦૯૭/૧૬૦૪/પાર્ટ-ફાઈલ-૨/મ(૨), તા.૦૯/૧૦/૧૯૯૭ અને ગશ્રમ/૧૦૨૦૦૯/ ૪૮૪/મ(૨) તા.૧૧/૦૧/૨૦૧૦

(3) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:પીઆરઆઈ/૧૦૨૧/ઈએમ/૩૩૯/ક તા.૧૫/૦૩/૨૦૦૨

(૪) શિ.વિ.ના ઠરાવ ક્રમાંક:પરચ/૧૭૨૦/એઓએસ/૪૮૮/ખ તા.૧૪/૦૮/૨૦૦૦

(૫) સા.વ.વિ.નો ઠરાવ ક્રમાંક:૧૦૨૦૦/મંત્રી/૭૫/અ તા.૦૨/૦૭/૨૦૦૧

(૬) સા.વ.વિ.નો ઠરાવ ક્રમાંક:દવસ/૧૦૨૦૦/મંત્રી/૭૫/અ તા.૦૨/૦૭/૨૦૦૧

(૭) યુવક, સેવા અને સાંસ્કૃતિક વિભાગના ઠરાવ ક્રમાંક:યસપ/૧૦૯૫/૧૬૫૩/બ તા.૩૦/૦૮/૧૯૯૬

(૮) રમતગમત યુવા અને સાંસ્કૃતિક વિભાગના ઠરાવ ક્રમાંક:રમત/૧૦૯૮/૧૯૩૪/૧૧/બ તા.૩૦/૦૯/૧૯૯૯

(૯) ગૃહ વિભાગના ઠરાવ ક્રમાંક:એઆઇએસ/૧૦૯૧/જીઓઆઇ/૩૬૫/પી તા.૧૩/૩/૧૯૯૬, ૧૦/૦૬/૧૯૯૬

(૧૦) સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:એસસીડબલ્યુ/૧૦૨૦૦૫/૧૫૭૭/ગ તા. ૨૫/૦૭/૨૦૦૫

(૧૧) મહિલા અને બાળ વિકાસ વિભાગનાં ઠરાવ ક્રમાંક:નવસ/૧૦૨૦૦૬/૯૬૦/અ તા.૧૪/૦૬/૨૦૦૬

(૧૨) સામાજિક ન્યાય અધિકારીતા વિભાગના ઠરાવ ક્રમાંક:અપગ/૧૦૨૦૦૫/ન.બા.૪/છ.૧ તા.૨૮/૦૩/૨૦૦૭

(૧૩) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક:જવચ/૧૦૦૪/૬૮૧(૨૧)ઝ તા.૨૫/૦૬/૨૦૦૭

(૧૪) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક:જવય/૧૦૦૪/૬૮૧(૨૧)ઝ તા.૨૭/૦૨/૨૦૦૯

(૧૫) ઉધોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:હરઉ/૧૦૨૦૦૪/૨૬૬૭/ચ તા.3/૧/૨૦૧૦

(૧૬) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક:આઇએનએસ/૧૦૨૦૧૦/યુઓઆર/૮૮,૮૫૩૩૨૩/ન તા.૩૦/૦૪/૨૦૧૧

(૧૭) કૃષિ, સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:એફઆઇએસ-૧૦૨૦૧૧-૨૮૯૫-ક-૭, તા.૨૭/૦૩/૨૦૧૨

(૧૮) કૃષિ, સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક:પરચ-૧૦૨૦૦૪-૨૬૧૮-ક-૭, તા.૦૯/૦૫/૨૦૧૨

(૧૯) નાણા વિભાગ ઠરાવ ક્રમાંક:જવય-૧૦૨૦૧૧-ઓ--૩૦૮(IWDMS NO.186826)-ન,તા.૦૧/૦૪/૨૦૧૩ અને સુધારા ઠરાવ તા.૧૯/૦૩/૨૦૧૬

(૨૦) કૃષિ, ખેડુત, કલ્યાણ અને સહકાર વિભાગના ઠરાવ ક્રમાંક: ખાખેવિ/૧૦૨૦૧૭/૧૩૨૬/ક-૭, તા.૧૩/૧૧/૨૦૧૮ અને તા.૦૬/૧૨/૨૦૧૮

(૨૧) શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગના ઠરાવ ક્રમાંક: LED/BJT/e-file/11/2023/2225/M(2) તા.૧૪/૦૩/૨૦૨૪

આમુખ:

રાજયના જુદા જુદા વિભાગ દ્વારા તેના હસ્તકના ખાતાના વડાઓ મારફતે જુદી જુદી અકસ્માત વીમા યોજનાઓ અમલમાં મુકવામાં આવેલ હતી. આ યોજનાઓનો લાભ લાભાર્થીઓને વ્યાપક રીતે મળી શકે તેમજ યોજના હેઠળના લાભ બેવડાય નહિ તે હેતુથી જુદી જુદી જૂથ અકસ્માત વીમા યોજનાઓની યુનિફોર્મ પેટર્ન નકકી કરી તેનું સંકલન કરી સંકલિત ગુજરાત સામુહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજનાની અમલવારી રાજય સરકારે સંદર્ભ-૧૩થી ઉલ્લેખ કરેલ નાણા વિભાગના તા.૨૫/૦૬/૨૦૦૭ના ઠરાવ ક્રમાંક:જવય/૧૦૦૪/૬૮૧(૨૧)ઝ થી વીમા નિયામકની કચેરીને તા.૦૧/૦૪/૨૦૦૮થી સોંપેલ છે. ત્યાર બાદ સદર યોજનામાં વખતો વખત ઉપર્યુક્ત ઠરાવોથી જરૂરી સુધારા કરવામાં આવેલ છે. જેના ભાગ રૂપે સદર યોજનામાં લાભાર્થીઓને મળતી અકસ્માત વીમા કવચની રકમમાં વધારો કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>

પુખ્ત વિચારણાના અંતે ગુજરાત સામુહિક જૂથ જનતા અકસ્માત વીમા યોજના હેઠળ અલગ-અલગ કેટેગરી હેઠળ અકસ્માત મૃત્યુ અને અપંગતાના કિસ્સામાં વીમા કવચની રકમમાં વધારો કરવા અને કેટલીક જોગવાઇઓમાં નીચે મુજબનો સુધારો કરવામાં આવે છે.

૧.<u>લાભાર્થીદીઠ દાવાની રકમમાં સુધારાનું પત્રક</u>

| ક્રમ | યોજના | લાભાર્થીની પાત્રતા | અકસ્માત મૃત્યુના કિસ્સામાં વીમા કવચની રકમ(રૂ.) | નોડલ અધિકારી |
|---|---|---|---|---|
| ૧. | ખાતેદાર ખેડૂત | નોંધાયેલા ખાતેદાર ખેડૂત<br>(ઉંમર ૫ વર્ષ થી ૭૦ વર્ષ) | ૪,૦૦,૦૦૦/- | જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી |
| ૨. | ખાતેદાર ખેડૂત અને તેમના પતિ/પત્ની તથા સંતાનો | નોંધાયેલા ખાતેદાર ખેડૂતના પતિ/પત્ની અને સંતાનો<br>(ઉંમર ૫ વર્ષ થી ૭૦ વર્ષ) | ૪,૦૦,૦૦૦/- | જીલ્લા ખેતીવાડી અધિકારીશ્રી |
| ૩. | શ્રમિક | જમીન વિહોણા અસંગઠીત ક્ષેત્રના શ્રમિક<br>(ઉંમર ગ્રામ્ય: ૧૪ વર્ષ થી ૭૦ વર્ષ<br>ઉંમર શહેરી: ૧૮ વર્ષ થી ૭૦ વર્ષ) | ૪,૦૦,૦૦૦/- | જિલ્લા સરકારી શ્રમ અધિકારીશ્રી |

| | | | | |
|---|---|---|---|---|
| ૪. | વિદ્યાદીપ | ગુજરાત રાજયની પ્રાથમિક શાળાઓમાં ભણતા વિદ્યાર્થીઓ | ૨,૦૦,૦૦૦/- | શાળાના આચાર્ય મારફત જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી/ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ |
| ૫. | વિદ્યાદીપ | ગુજરાત રાજયની માધ્યમિક, ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ | ૨,૦૦,૦૦૦/- | શાળાના આચાર્ય મારફત જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી |
| ૬. | શહીદ વીર કિનારીવાલા | ગુજરાત રાજયની કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ | ૪,૦૦,૦૦૦/- | ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી (કોલેજના આચાર્ય મારફત ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીને દાવો મોકલી આપવો) |
| ૭. | આઈ.ટી.આઈમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ | ગુજરાત રાજયની ITIના વિદ્યાર્થીઓ | ૪,૦૦,૦૦૦/- | ITIના આચાર્ય/ નાયબ નિયામક(ITI) |
| ૮. | પોલીસ પર્સોનલ (પોલીસ કર્મચારીઓની અકસ્માત વીમા યોજના) | રાજય સરકારના ગૃહ વિભાગ દ્વારા વિવિધ કેડરના પોલીસ કર્મચારીઓ | | જિલ્લા પોલીસ વડા/ પોલીસ મહાનિર્દેશક |
| | | Dy SP અને ઉપરની કક્ષા | ૫,૦૦,૦૦૦/- | |
| | | PI/PSI/PSO કક્ષા | ૫,૦૦,૦૦૦/- | |
| | | H.C. અને કોન્સ્ટેબલ | ૪,૦૦,૦૦૦/- | |
| | | ATS Staff/ Bomb Squad/ CM સલામતી/ ચેતક કમાન્ડો | ૧૫,૦૦,૦૦૦/- | |
| ૯. | જેલ ખાતાના કર્મચારીઓની અકસ્માત વીમા યોજના | જેલ ગાર્ડઝ | ૪,૦૦,૦૦૦/- | જિલ્લા પોલીસ વડા/ પોલીસ મહાનિર્દેશક |
| | | જેલ ગાર્ડઝ સિવાય જેલ ખાતાના અન્ય તમામ વર્દીધારી સંવર્ગ | ૫,૦૦,૦૦૦/- | |
| ૧૦. | સફાઈ કામદાર અકસ્માત વીમા યોજના | સરકારી કે પંચાયત કે મ્યુનિસિપાલિટીના સફાઈ કામદારો (ઉંમર: ૧૪ વર્ષ થી ૭૦ વર્ષ) | ૪,૦૦,૦૦૦/- | સફાઈ કામદાર વિકાસ નિગમ |
| ૧૧. | દિવ્યાંગ અકસ્માત વીમા યોજના | ગુજરાત સરકારના વાર્ષિક ૧ લાખથી ઓછી આવક ધરાવતા દિવ્યાંગો, (ઉંમર: ૫ વર્ષ થી ૭૦ વર્ષ) | ૪,૦૦,૦૦૦/- | જિલ્લા સમાજ સુરક્ષા કચેરી |
| ૧૨. | નિરાધાર વિધવા સહાય યોજના | નિરાધાર વિધવા (ઉંમર: ૧૮ વર્ષ થી ૭૦ વર્ષ) | ૪,૦૦,૦૦૦/- | જિલ્લા સમાજ સુરક્ષા કચેરી |
| ૧૩. | સાહસિક પ્રવૃત્તિઓમાં ભાગ લેતી વ્યક્તિઓ | રાજય યુવક બોર્ડ દ્વારા કેટલીક સાહસિક પ્રવૃત્તિઓ જેવી કે સમુદ્ર તરણ તાલીમ, નદીકાંઠા, વનવિસ્તાર, સાગરકાંઠા, રણ તથા સરહદી વિસ્તાર પરિભ્રમણ, પર્વતારોહણ તાલીમ કોર્સ, બરફ ચઢાણ, શિખર આરોહણ જેવી પ્રવૃત્તિઓમાં ભાગ લેનાર યુવક/યુવતીઓ | ૪,૦૦,૦૦૦/- | રાજય યુવક બોર્ડ |
| ૧૪. | હીરા ઉધોગમાં કામ કરતા કારીગરોને વીમા કવચ | રાજયના એક લાખથી ઓછી વાર્ષિક આવક ધરાવતા તથા નોંધાયેલ હીરા ઉધોગમાં કામ કરતા કારીગરો (ઉંમર: ૧૮ વર્ષ થી ૫૮ વર્ષ) | ૪,૦૦,૦૦૦/- | જિલ્લા ઉધોગ કેન્દ્રના અધિકારીશ્રી |

૨. અસંગઠિત શ્રમિક યોજનામાં જમીનના દાખલા બાબતે

વંચાણે લીધેલ ક્રમ (૧૯)નાં નાણા વિભાગના તા:૦૧-૦૪-૨૦૧૩ના ઠરાવની જોગવાઇ મુજબ અરજદારે રજૂ કરવાનાં પ્રમાણપત્રનું પરિશિષ્ટ -૫ આથી રદ કરવામાં આવે છે, તેના સ્થાને અરજદારે નીચે મુજબનું સોગંદનામું નોટરી કરીને રજુ કરવાનું રહેશે.

"ગુજરનાર (ગુજરનારનું પુરું નામ, સરનામુ, મરણ તારીખ)ના નામે સમગ્ર ગુજરાત રાજ્યમાં કયાંય પણ ખેતી જમીન આવેલી નથી કે વારસાઈ હક્કથી પણ ખેતીની જમીન ધારણ કરતા નથી."

૩. બાંહેધરીપત્રકને સ્થાને ઇન્ડેમ્નીટી બોન્ડ રજુ કરવા બાબત

વંચાણે લીધેલ ક્રમ (૧૯)નાં નાણા વિભાગના તા:૧૯-૦૩-૨૦૧૬ના સુધારા ઠરાવની જોગવાઇ મુજબ અરજદારે બાંહેધરીપત્રક રજુ કરવાની જોગવાઈ છે. અરજદારે બાંહેધરીપત્રકના સ્થાને ઇન્ડેમ્નીટી બોન્ડ સ્ટેમ્પ પેપર ઉપર નોટરી કરીને રજુ કરવાનું રહેશે.

સદરહુ ઠરાવથી કરવામાં આવેલ સુધારેલ જોગવાઇઓ તા.૦૧-૦૪-૨૦૨૫ અને ત્યારબાદ થયેલ અકસ્માત મૃત્યુ/ અપંગતાના કિસ્સામાં લાગુ પડશે. આ યોજના અંગેના વંચાણે લીધેલ તમામ ઠરાવોની અન્ય શરતો/ જોગવાઇઓ યથાવત રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રી હુકમથી અને તેમના નામે,

સંયુકત સચિવ અને નિયામક(સં.વિ.)

નાણા વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના, સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મુખ્ય મંત્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- માન. મંત્રીશ્રીઓ/ રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓ/નાયબ મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ,ગાંધીનગર.
- માન. સંસદીય સચિવશ્રીઓ અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત રાજ્ય તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા, સચિવાલય, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ. (પત્ર દ્વારા)
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- અધ્યક્ષશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર. (પત્ર દ્વારા)
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, કૃષિ અને સહકાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સચિવાલયના સર્વે વિભાગો.
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- કમિશ્નરશ્રી, ટેકનિકલ શિક્ષણની કચેરી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

- ખેતી નિયામકશ્રી, કૃષિ ભવન, ગાંધીનગર.
- ગ્રામ શ્રમ આયુકતશ્રી, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- સર્વે કલેકટરશ્રીઓ/ સર્વે જીલ્લા વિકાસ અધિકારીશ્રીઓ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ-૧), ગુજરાત રાજ્ય,અમદાવાદ/ રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (એ. એન્ડ ઈ.), ગુજરાત રાજ્ય,પો.બો.નં.૨૨૦, રાજકોટ.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી (ઓડીટ-૨), ગુજરાત રાજ્ય,રાજકોટ.
- નિવાસી તપાસણી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર/અમદાવાદ/વડોદરા/નર્મદા.
- વીમા નિયામકશ્રી, વીમા લેખા ભવન, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નિયામકશ્રી, હિસાબી અને તિજોરી કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, પેન્શન અને પ્રોવિડન્ટ ફંડ કચેરી, જુના સચિવાલય, ગાંધીનગર.
- નિરિક્ષકશ્રી, સ્થાનિક ભંડોળ હિસાબ, ડો.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ/ પેટા તિજોરી અધિકારીશ્રીઓ.
- સર્વે જીલ્લા સહાયક નિરિક્ષકશ્રીઓ.
- સર્વે બોર્ડ/ કોર્પોરેશન.
- નાણા વિભાગના સર્વે અધિકારીશ્રીઓ (નાણા સલાહકારશ્રીઓ સહિત)
- નાણા વિભાગની સર્વે શાખાઓ (નાણા શાખાઓ સહિત).
- પસંદગી ફાઈલ, ન-શાખા, નાણા વિભાગ,સચિવાલય, ગાંધીનગર.
- ક-વર્ગ ફાળવણી.

**ઇન્ડેમ્નીટી બોન્ડનો નમૂનો**

**(સ્ટેમ્પ પેપર ઉપર નોટરાઇઝ અથવા રજીસ્ટર કરાવીને અસલમાં મેળવવાનું ઇન્ડેમ્નીટી બોન્ડ)**

આથી હું______________________________ ઉંમર વર્ષ____(પૂરું સરનામું) રહેવાસી__________ તા.__________ જિ.__________ ધંધો__________ આજ રોજ લખી આપી જણાવું છું કે, (મૃતક) સ્વ.____________________ ઉંમર વર્ષ______ રહેવાસી__________ તા.__________ જિ.__________ નું તા.______________ ના રોજ અકસ્માતે મૃત્યુ નીપજેલ હતું. મૃતક સાથે અમો __________ નો સબંધ ધરવતા હતા.ગુજરનાર સ્વ.____________________ ના કુટુંબના સભ્યોના નામ નીચે મુજબ છે.

| અ.નં. | નામ | ઉંમર | ગુજરનાર સાથેનો સબંધ |
|---|---|---|---|
| ૧. | | | |

| | | | |
|---|---|---|---|
| ૨. | | | |
| ૩. | | | |
| ૪. | | | |

ગુજરનાર સ્વ.______________________________ ના વારસ તરીકે/દાવેદાર તરીકે હું આ બાંહેધરીપત્ર લખી આપી જણાવું છું કે ગુજરનારના કુટુંબીજનોને સરકારશ્રીની ગુજરાત સામુહિક જૂથ અકસ્માત વીમા યોજના અંતર્ગત આકસ્મિત મૃત્યુ /અપંગતા સહાય યોજના હેઠળ રૂ.__________________ ચુકવવામાં આવશે તો મને તથા ઉપર દર્શાવેલા કુટુંબીજનોને મળેલ ગણાશે.

આથી હું બાંહેધરી આપું છું કે, મેં કે મૃતકના અન્ય કોઈ વારસદારે સામુહિક જૂથ અકસ્માત વીમા યોજનાની અન્ય કોઈ યોજના હેઠળ બીજા કોઈ દાવા અરજી કરેલ નથી કે કરીશ/કરશે પણ નહીં અને જો સરતચૂકથી આ લાભ બે યોજનામાં લેવાયેલ સાબિત થશે તો એક યોજનાની વળતરની રકમ હું પરત કરવાની બાંહેધરી આપું છું.

ગુજરનાર સ્વ.______________________________ નું મૃત્યુ કુદરતી કે આપઘાતથી થયેલ હશે અથવા દાવા સાથે રજૂ કરેલ સાધનિક કાગળો જો ઉપજાવી કાઢેલા જણાશે અગર ખોટી માહિતી રજૂ કરેલ હશે અથવા સામુહિક જૂથ અકસ્માત યોજનાની અન્ય કોઈ યોજના હેઠળ દાવા રકમ મળેલ હશે તો ઉપર દર્શાવેલ વળતર રૂ.___________ તથા જે તે રકમ મળ્યાની તારીખથી પ્રવર્તમાન ધોરણે ચક્રવૃદ્ધિ વ્યાજે અથવા સરકારશ્રી નક્કી કરે તે દરે ચક્રવૃદ્ધિ વ્યાજ સહીત થતી રકમ હું સરકારશ્રીને પરત કરવા/ભરવા આથી સંમતી અને કબુલાત આપું છું.

સરકારશ્રી જયારે આ રકમ મને પરત કરવા જણાવશે તે વેળા રકમ પરત કરવામાં ન આવે તો/ અથવા પૂરેપૂરી રકમ પરત કરવામાં ન આવે તો સરકારશ્રી નક્કી કરે તે મુજબ કોઈપણ જાતના વાંધાવચકા વગર મારી/મારા વારસદારો પાસે જે કાંઈ સ્થાવર/જંગમ મિલ્કત આવેલ છે તે તમામ મિલ્કતોને સરકારશ્રી જપ્ત કરી શકશે તે અંગે હું બાંહેધરી આપું છું. તે જ પ્રમાણે આપવામાં આવેલ બાંહેધરી ખત અંગે મારા કોઈપણ વારસદારો તેમજ આ મિલ્કતના ભાગીદારો વાંધાઓ ઉઠાવી શકશે નહિ તેની બાંહેધરી આપું છું અને ચુકવવામાં આવેલ રૂ.________________ તથા વખતોવખત મળતા વ્યાજની રકમ પરત કરવા માટે કોઈપણ પૂર્વ શરત વિના પરત કરવા બંધાઉ છું.

વધુમાં હું જાણું છુ કે તકરાર મુદ્દે અર્ધન્યાયિક/ન્યાયિક કાર્યક્ષેત્ર/હકૂમત ફક્ત ગાંધીનગર મુકામે જ રહેશે તથા અરજદાર/મૃતક/વારસદાર યોજનાના ફક્ત લાભાર્થી હોવાથી સરકારશ્રીના સંબંધિત યોજનાના વીમા પ્રસ્તાવકર્તા વિભાગની સંમતી મેળવ્યા બાદ જ કાનૂની કાર્યવાહી કરી શકશે તે ઉપરોક્ત હકીકતો મને કબુલ છે અને તે અંગે હું ભવિષ્યમાં કોઈપણ વાંધા, તકરાર કે હરકત કરૂં તો તે આ બાંહેધરી પત્રથી રદબાતલ હોઈને ચાલશે નહિ. આ ઈન્ડેમ્નીટી બોન્ડ આપેલ છે તે શુદ્ધ બુદ્ધિપૂર્વક સાચી સમજણ અને સભાનતા પૂર્વકની અમારી સંમતિથી આપેલ છે.

તારીખ: ઈન્ડેમ્નીટી બોન્ડ રજૂ કરનારની સહી

સ્થળ: (પૂરું નામ)

<u>ગુજરનારના અન્ય વારસદારોનું સંમતિ પત્રક</u>

| નામ | સરનામું | ઉંમર-વર્ષ | સહી |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |

<u>સાક્ષીઓની સહી તથા પૂરું નામ અને સરનામું</u>

| નામ | સરનામું | ઉંમર-વર્ષ | સહી |
|---|---|---|---|
| ૧. | | | |
| ૨. | | | |

# વિદ્યાદીપ અકસ્માત વીમા યોજના

## ચેક લીસ્ટ

✪ ગુજરનાર શાળાના વિદ્યાર્થી હોવા બાબતે:

(1) ગુજરનારનુ શાળા છોડ્યાનુ પ્રમાણપત્ર જેમા શાળા છોડ્યા તારીખ ગુજરનાર વિદ્યાર્થીની અવસાન તારીખ કે ત્યારબાદની તારીખ હોવી જરૂરી છે.

(2) શાળા છોડ્યાના પ્રમાણપત્રમાં શાળા છોડ્યાનું કારણ વિદ્યાર્થીનું અવસાન થવાથી હોવું જોઈએ.

(3) ગુજરનાર વિદ્યાર્થી અકસ્માત તારીખે શાળાના વિદ્યાર્થી હતા તેવું શાળાના આચાર્યનું પ્રમાણપત્ર.

(4) જો ગુજરનાર વિદ્યાર્થીના માતા અથવા પિતા નોંધાયેલ ખેડુત ખાતેદાર હોય તો તેમને ખેડુત ખાતેદાર યોજનામાં વધુ લાભ મળવાપાત્ર હોય જીલ્લા ખેતીવાડી અધિકારી સમક્ષ દાવો રજુ કરવા જણાવવું.

✪ અકસ્માત મોત બાબતના પુરાવા

(1) FIR/અકસ્માત મોત રજીસ્ટરની નોંધ

(2) સ્થળ પંચનામુ અને ઇન્કવેસ્ટ પંચનામુ

(3) પોસ્ટ મોર્ટમ રિપોર્ટ (જો પી.એમ. રિપોર્ટમાં વિશેરા લીધા હોય અને મૃત્યુનું ચોક્કસ કારણ પેન્ડીંગ રાખેલ હોય તો વિશેરા રિપોર્ટ બાદનો મૃત્યુના ચોક્કસ કારણ સાથેનો ફાઇનલ પી.એમ.રિપોર્ટ)

(4) જે કિસ્સામાં પોલીસ પેપર્સ તથા પી.એમ. રિપોર્ટ ન થયા હોય તેવા કિસ્સામાં કલેક્ટરનું પ્રમાણપત્ર રજૂ કરવું

✪ કાયમી અપંગતાના કિસ્સામાં

(1) અપંગતાનો કેસ હોય તો તેવા કિસ્સામાં કાયમી અપંગતા બાબતે સરકારી હોસ્પિટલના સિવિલ સર્જનનું પ્રમાણપત્ર ફરજીયાત.

(2) સારવારના પેપર્સ ફરજીયાત.

(3) અપંગતાવાળો ફોટો.

## ✪ ઓળખ અને ઉંમરના પુરાવા

(1) ઓળખના પુરાવા માટે ગુજરનારનું આધાર કાર્ડની નકલ ફરજીયાત.

(2) ઉંમરના પુરાવા માટે ગુજરનારનો શાળા છોડ્યાનું પ્રમાણપત્ર

## ✪ અરજદારના પુરાવા

(1) અરજદાર ગુજરનારના સીધી લીટીના વારસદાર હોવા બાબતે તલાટી દ્વારા પ્રમાણિત થયેલ પેઢીનામુ.

(2) જો અરજદાર સીધી લીટીના વારસદાર ન હોય તો જેમકે અરજદાર ભાઈ-બહેન હોય તો અને બધા જ ભાઈ બહેનોનું સંમતિપત્રક સોગંદનામાં ઉપર.

(3) અરજદારનું આધાર કાર્ડ (ફરજીયાત).

## ✪ અકસ્માત સમયે ગુજરનાર વાહન ચલાવતા હોય તો

(1) અકસ્માત સમયે ગુજરનાર પોતે વાહન ચલાવતા હોય તો જે તે વાહન ચલવવાનું અકસ્માત સમયે વેલીડ અને ઇફેટીવ હોય તેવું ડ્રાઈવીંગ લાઇસન્સ.

(2) લાઇસન્સ ધરાવતા હોય પરંતુ ખોવાઈ ગયું હોય તેવા કિસ્સામાં જે તે જિલ્લા RTO પાસેથી Driving License Extract મેળવવું.

(3) ડ્રાઈવીંગ લાઇસન્સ ધરાવતા ન હોય/ખોવાઈ ગયું હોય/મળતું ન હોય/રજૂ કરી શકે તેમ ન હોય તેવા કિસ્સામાં નોડલ અધિકારી કક્ષાએથી દાવો નામંજુર કરવાનો રહેશે.

## ✪ અરજદારની બેંકની ડીટેલ્સ

- નીચેના ટેબલમાં જણાવેલ બેંકની વિગતો સાથેની પાસબુકની નકલ
- ગુજરનાર વિદ્યાર્થીની નહિ પરંતુ તેમના અરજદાર માતા/પિતાની બેંક વિગતો રજુ કરવી.

| | |
|---|---|
| અરજદાર/ખાતાધારકનું નામ | |
| Account No. | |
| IFSC Code | |
| બેંકનું નામ અને સરનામુ | |
| બ્રાંચનું નામ | |
| અરજદાર/ખાતાધારકનું આધાર કાર્ડ નંબર (આધાર કાર્ડની નકલ ફરજીયાત) | |

✪ <u>વધારાના પુરાવા</u>

(1) પરિશિષ્ટ ૧/અરજી પત્રક ફરજિયાત અસલમાં અરજદારની સહી સાથે

(2) પરિશિષ્ટ ૨ જીલ્લા પ્રાથમિક / શિક્ષણ અધિકારીની સહી સાથે ફરજીયાત

(3) બાહેંધરીપત્રક <u>(તા. ૦૧/૦૪/૨૦૨૫ અને ત્યારબાદ અકસ્માત મૃત્યુના કિસ્સામાં સદર બાહેંધરી પત્રક/ઇન્ડેમ્નીટી બોન્ડ સ્ટેમ્પ પેપર ઉપર નોટરી કરીને રજૂ કરવાનું રહેશે.)</u>

(4) મરણનું પ્રમાણપત્ર

(5) રજૂ થયેલ દસ્તાવેજોમાં ગુજરનાર/અરજદારના નામમાં અલગ-અલગ નામ હોય અથવા અલગ-અલગ અટક હોય તો તેવા કિસ્સામાં આ અલગ-અલગ નામ અને અટકવાળા વ્યક્તિ એક જ હોવા બાબતે તલાટીનો દાખલો.

<u>નોંધ:</u> નોડલ અધિકારી દ્વારા ઉપરોક્ત તમામ દસ્તાવેજો અરજદાર પાસેથી મેળવી તેની ચકાસણી કરી દાવો GSJJAVY પોર્ટલમાં નોંધણી કરી ડિક્લેરેશન સર્ટીફીકેટ સહિ સિક્કા કરી સંપૂંણ દાવા દસ્તાવેજો ફિજીકલી વીમા નિયામકની કચેરીને મોકલી આપવા.